# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-06-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

# DEATH TOLL RISE

અમદાવાદમાં થયેલા વિનાશક એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનામાં મૃત્યુઆંક 254 પર પહોંચી ગયો છે. વિમાનમાં કુલ 242 લોકો સવાર હતા , જેમાં 169 ભારતીય, 53 બ્રિટિશ, સાત પોર્ટુગીઝ અને એક કેનેડિયન નાગરિક સહિત 12 ક્રૂ સભ્યો હતા. માત્ર એકનો વ્યક્તિનો બચાવ થયો હતો જે ભારતીય મૂળનો બ્રિટિશ નાગરિક છે.

વિમાન દુર્ઘટનાનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ ચાલી રહી છે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરોની એક ટીમે ઘટના સ્થળ પરથી વિમાનનું બ્લેક બોક્સ - જે ઔપચારિક રીતે ફ્લાઇટ ડેટા રેકોર્ડર તરીકે ઓળખાય છે - શોધી કાઢ્યું છે. ફોરેન્સિક નિષ્ણાતોએ પણ વિગતવાર તપાસ શરૂ કરી છે.

. . . . . . . . . . . . . . .

# AHMEDABAD - Deadbody Found

અમદાવાદ વિમાન દુર્ઘટના સ્થળેથી વધુ એક મૃતદેહ મળી આવ્યો છે. અગ્નિશમન દળ અને NDRFની ટીમ દ્વારા અતુલ્યમ હોસ્ટેલના પાછળના ભાગમાં ફસાયેલો વિમાનનાં કાટમાળનો ભાગ કાપીને યુવતીનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો છે. આ મૃતદેહ એર હોસ્ટેસનો હોવાની આશંકા છે. આ કામગીરીમાં અગ્નિશમન દળનો એક કર્મચારી અંદર સુધી ગયો અને કટરથી આગળનો ભાગ કાપી મૃતદેહને દોરડા વડે બહાર કાઢ્યો હતો.

. . . . . . . . . . . . .

# HARSH SANGHAVI FSL

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે અમદાવાદ વિમાન દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. આ અગાઉ ગાંધીનગરમાં ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા FSL અને રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલયની મુલાકાત લીધી હતી. તેમણે DNA પરીક્ષણની કામગીરીની સમીક્ષા કરી હતી. દરમિયાન તેમણે FSL ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી. જેમાં ગૃહ સચિવ , ઇન્ટેલિજન્સ બ્યૂરોના IGP, અને FSLના નિદેશક પણ ઉપસ્થિત રહ્યા. શ્રી સંઘવીએ જણાવ્યું કે FSLની ટીમ 24 કલાક કામ કરી રહી છે. તેમણે ઉમેર્યું કે રાજ્યના 36 સહિત ભારતના અનેક ફોરેન્સિક નિષ્ણાંત આ કામગીરીમાં જોડાયા છે.

(બાઇટ: હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# DNA SAMPLE

અમદાવાદમાં વિમાન દુર્ઘટનાના મૃતકોના મૃતદેહોની ઓળખ માટે આજથી DNA સેમ્પલ મેચ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં 39 જેટલા મૃતકોના DNA સેમ્પલ મેચ થઈ ગયા છે અને તેમના મૃતદેહ તૈયાર રાખવામાં આવ્યા છે. મૃતકના DNA મેચ થયા છે તેમના પરિવારજનોને મૃતદેહ આપવામાં આવશે. રાજ્યના વિવિધ શહેરોમાં પોલીસ બંદોબસ્ત સાથે મૃતદેહ રવાના કરવામાં આવશે.

અમારા અમદાવાદાનાં પ્રતિનિધીના જણાવ્યાં મુજબ, અગાઉ રવિવારે સાંજથી મૃતદેહ આપવાની જાહેરાત કરવામાં આવી હતી પરંતુ પરિવારજનોને ત્વરિત મૃતદેહ મળી રહે તેવી વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી હતી જેથી 48 કલાકમાં જ DNA મેચ થયેલા પરિવારજનોને મૃતદેહ આપવામાં આવશે.

. . . . . . . . . . . . .

# AHMEDABAD DOCTOR ASSO

અમદાવાદમાં વિમાન દુર્ઘટના અંગે જુનિયર ડોક્ટર્સ એસોસિએશન પ્રમુખ , ડૉ. ધવલ ગામેતીએ જણાવ્યું, ચાર મેડિકલ વિદ્યાર્થીઓ અને તેમના સ્વજનો સહિત નવ લોકોના મૃત્યુ થયા છે. તેમણે ઉમેર્યું કે હાલમાં આઠથી નવ લોકો સારવાર હેઠળ છે.

(બાઇટ: ડૉ. ધવલ ગામેતી, પ્રમુખ, જુનિયર ડોક્ટર્સ એસો.)

. . . . . . . . . . . . .

# RUSHIKESH PATEL

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ આજે પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજય રૂપાણીના નિવાસસ્થાને પહોંચ્યા હતા. તેમણે શ્રદ્ધાંજલિ પાઠવતા કહ્યું હતું કે ભાજપ અને ગુજરાતે સમાજ સેવી આગેવાન ગુમાવ્યા છે. વિજયભાઇ , વિદ્યાર્થી કાળથી જ સંઘર્ષ કરતા રહ્યા છે, અમને પણ કાયમ એમનો સહકાર મળતો રહ્યો છે.

. . . . . . . . . . . . .

# MEHSANA SAMPLE

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા મહેસાણા જિલ્લાના 9 લોકોના મૃતદેહની ઓળખ કરવા માટે તેમના પરિવારજનોએ DNA સેમ્પલ આપી દીધા છે. રિપોર્ટ પછી મૃતદેહની ઓળખ થયા બાદ મૃતદેહ લેવા જિલ્લાના અધિકારીઓ જશે. આ માટે મહેસાણા જિલ્લા કલેક્ટર એસ.કે પ્રજાપતિ દ્વારા અલગ અલગ વિભાગના 10 થી 12 અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે.

દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી દિવંગત વિજય રૂપાણીના નિધન અંગે શોક વ્યક્ત કરવા આજે રાજકોટ શહેર સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા તમામ 600 જેટલી સ્વનિર્ભર શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત આજે રાજકોટમાં વેપાર રોજગાર પણ બંધ રાખીને વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે.

. . . . . . . . . . . . .

# MEHSANA SHRADDHANJALI

અમદાવાદની વિમાન દુર્ઘટનામાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. ત્યારે સમગ્ર રાજ્યમાં શોકની લાગણીઓ પ્રસરી રહી છે. આ ઘટનાને લઈ મહેસાણા મહાનગરપાલિકાના કર્મચારીઓ તેમજ અરજદારોએ મૃત્યુ પામેલા તમામ લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી બે મિનિટની મૌન પાડ્યું હતું. શહેરના ધોબીઘાટ વિસ્તારમાં લોકોએ મીણબત્તી પ્રગટાવી મૃતકોને શ્રદ્ધાંજલિ આપી.

. . . . . . . . . . . . .

# JAMNAGAR DEMOLITION

જામનગર મહાનગરપાલિકા દ્વારા બચુનગર વિસ્તારમાં આવેલા નદીના પટમાં 300 જેટલા ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ માટે પોલીસનો સઘન બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. આ અંગે મહાનગરપાલિકાના નાયબ કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલાએ વધુ માહિતી આપી.

(બાઈટ: દેવેન્દ્રસિંહ ઝાલા ( ડેપ્યુટી કમિશનર મહાનગરપાલિકા)

. . . . . . . . . . . . .

# સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)